# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
## જિલ્લા રમત-ગમત અધિકારી,ગાંધીનગર

જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-21, ગાંધીનગર

E-mail- dso-sycd-gngr@gujarat.gov.in


ક્રમાંક:જિરગઅ/KMKરાજયકક્ષા/ ૩૭૦૫ થી ૩૭૬૧/૨૦૨૫-૨૬ તા.૨૬/૧૨/૨૦૨૫

**BY-E-MAIL**

**KMKરાજયકક્ષાની અં-૧૭ તથા ઓપનએજ ગ્રુપ (ભાઈઓ/બહેનો) રગ્બી સ્પર્ધા પરિપત્ર**

પ્રતિ,

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ

ગુજરાત રાજય

વિષય :- ખેલમહાકુંભ-૨૦૨૫-૨૬ રાજયકક્ષાની અં-૧૭ તથા ઓપનએજ ગ્રુપ (ભાઈઓ/બહેનો) રગ્બી સ્પર્ધામાં ભાગ લેવા બાબત

સંદર્ભ :- પત્રક્રમાંક:એસએજી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા:૨૪/૧૨/૨૦૨૫નાં પત્ર અન્વયે

શ્રીમાનશ્રી,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, તથા જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર,ગાંધીનગર દ્વારા આયોજીત **ખેલમહાકુંભ-૨૦૨૫ રાજયકક્ષાની રગ્બી અં-૧૭ તથા ઓપનએજ ગ્રુપ(ભાઈઓ/બહેનો) સ્પર્ધાનું સંભવિત આયોજન તા:૦૨/૦૧/૨૦૨૬ થી તા:૦૬/૦૧/૨૦૨૬ સ્પર્ધા સ્થળ: સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયા,(SAI) સેકટર-૧૫,ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે** આપના જિલ્લાની ભાગલેનાર ટીમોની એન્ટ્રી dso-sycd-gngr@gujarat.gov.inઉપર **તા:૦૧/૦૧/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાની રહેશે** તેમજ વિગતવાર કાર્યક્રમની જાણ ખેલાડી-કોચ/મેનેજરશ્રી/વ્યાયામ શિક્ષકશ્રીને કરવાની રહેશે.

| ક્રમ | વયજૂથ | રીપોર્ટીંગ તારીખ | રીપોર્ટીંગ સમય | સ્પર્ધા તારીખ | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ઓપનએજ ગ્રુપ બહેનો | તા:૦૨/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૦૩/૦૧/૨૦૨૬ | **સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયા (SAI)સે-૧૫,મહાત્મા મંદિરની બાજુમાં, જી.ગાંધીનગર** |
| ૨ | ઓપનએજ ગ્રુપ ભાઈઓ | તા:૦૩/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૦૪/૦૧/૨૦૨૬ | **૧.વેદાંતભાઈ ધાનાણી મો- ૭૬૦૦૧૬૯૫૦૬ ૨.દિપ રાવલ મો- ૯૮૯૮૦૮૫૨૮૩ ૩. DSO – ૯૯૦૯૩૦૦૧૦૯** |
| ૩ | અં-૧૭ બહેનો | તા:૦૪/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૦૫/૦૧/૨૦૨૬ | |
| ૪ | અં-૧૭ ભાઈઓ | તા:૦૫/૦૧/૨૦૨૬ | સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૦૬/૦૧/૨૦૨૬ | |

| નિવાસ સંપર્ક નંબર | નિવાસ સ્થળ |
|---|---|
| ૧. ધ્રુવીસભાઈ-૮૪૬૦૮૫૭૨૩૩ ૨.ડાહ્યાભાઈ – ૯૯૨૪૦૮૩૨૭૪ | સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત(SAG) હોસ્ટેલ સેકટર-૧૩/બી ખ-૩ સર્કલ પાસે, મહાત્મા મંદિર રોડ જી.ગાંધીનગર |

(પાછળ)

## <u>સ્પર્ધા અંગેની જરૂરી સુચનાઓ</u>

- ટીમના તમામ ખેલાડીઓએ KMK માન્ય એલીજીબીલીટી ફોર્મ ૩ નકલમાં DSO/DSDOના સંયુક્ત સહી-સિક્કા સાથેનું લાવવાનું રહેશે અને રીપોટીંગ સમયે રજુ કરવાનું રહેશે.
- ખેલાડીઓએ એલીજીબીલીટી સાથે આધારકાર્ડ,જન્મનુ પ્રમાણપત્ર,શાળાનો બોનાફાઇટ સર્ટીફિકેટ રજુ કરવાનુ રહેશે.
- સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે ખેલાડીઓએ શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
- સ્પર્ધા નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જેતે ખેલાડી/મેનેજર/કોચએ ભરપાઇ કરવાની રહેશે.
- ભોજન/નાસ્તા સમયે જે-તે ટીમના મેનેજરે ટીમની સાથે આવવાનું રહેશે. અને શિસ્તબંધ રીતે વર્તવાનું રહેશે.
- સરકારશ્રીના નિયમઅનુસાર ટૂંકામાં ટૂંકા અંતરની મુસાફરી કરવાની રહેશે એસટી (GSRTC)ની સાદી એક્સપ્રેસ/રેલ્વે બીજા વર્ગનુ ભાડું ચુકવવામાં આવશે. ટીકીટ ફરજીયાત રજુ કરવાની રહેશે ખાનગી વાહનમાં મુસાફરી કરેલ હશે તો વાહનભાડું મળશે નહિ
- મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરીને આવવાનુ રહેશે. સરકારશ્રીમાંથી આવ્યાબાદ જ પ્રવાસ ખર્ચના નાણા મેનેજરશ્રીના બેન્ક ખાતામાં RTGS/NEFT દ્વારા ચૂકવવામાં આવશે જેથી કેન્સલ ચેકની નકલ તથા બેન્ક ખાતાની વિગત સાથે લઇને આવવાની રહેશે. (ખાનગી વાહનમાં મુસાફરી કરવાની રહેશે નહિ)
- આ સ્પર્ધા માટે ફૂટબોલ સ્ટડની ફરજિયાત વ્યવસ્થા ખેલાડી/ટીમ ધ્વારા કરવાની રહેશે તેમજ સ્પર્ધા અનુરૂપ ગણવેશ/કીટ સાથે લઇને આવવાનું રહેશે. **જેની ખાસ નોંધ લેવી**
- પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચુકપણે આપવાની રહેશે તથા એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
- જે તારીખે,વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
- સરકારશ્રી દ્વારા કરવામાં/આપવામાં આવેલ મહત્તમ સુવિધાનો ઉપયોગ કરવાનો રહેશે અન્ય નવી કોઈ વ્યવસ્થા મળશે નહી
- કીમતી વસ્તુઓ લઇને આવવું નહી અત્રે આયોજકશ્રીની કોઈ જવાબદારી રહેશે નહી
- જિલ્લા માંથી આવતા તમામ ખેલાડીઓ/કોચીઝ/મેનેજર સિવાય અન્ય કોઈપણ બીનઅધીકૃત વ્યકિતને સાથે લાવવાનો રહેશે નહી
- **ખેલાડીઓની સંખ્યા- ૧૨+૧ મેનેજર +૧ કોચ = ૧૪**
- **ભાઈઓની ટીમ સાથે ભાઈઓએજ કોચ/મેનેજર તેમજ બહેનોની ટીમ સાથે બહેનોએજ કોચ/મેનેજર તરીકે આવવાનું રહેશે જેની ખાસ નોંધ લેવી(અન્યથા વ્યવસ્થા કરવામાં આવશે નહી)**

**આપનો વિશ્વાસુ,**

**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**ગાંધીનગર**

**આપનો વિશ્વાસુ,**

**જિલ્લા રમત ગમત અધિકારી**
**ગાંધીનગર**

**નિવાસ સ્થળ**

<u>સવિનય નકલ રવાના જાણ સારું:</u>

૧ માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૨ માન. કલેક્ટરશ્રી, ગાંધીનગર
૩ માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગર
૪ માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
૫ માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક/માધ્યમિક)ગાંધીનગર
૬ માન. નાયબ માહિતી નિયામકશ્રી, વિનામૂલ્યે સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૭ માન. મેડીકલ ઓફિસર, GMC ગાંધીનગર શહેર
૮ પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજય રગ્બી એશોસીએશન
૯ ડાયરેક્ટરશ્રી, SAI,સેકટર-૧૫,ગાંધીનગર (મેદાન અંગેની તમામ સુવિધા પૂરી પાડવા સારૂ)
૧૦ પસંદગી ફાઈલ